### ખાન સર વર્સિસ જ્ઞાન બિંદુના રોશન આનંદ:

# શિક્ષણની જગ્યાએ ગોળીબાર, ધરપકડ અને સડકો પર સંગ્રામની ઈનસાઈડ સ્ટોરી

**વિકલ્પ**

★ દીપક આશર

***ખાન સર અને રોશન આનંદ વચ્ચેની આ અદાવત ક્યાં જઈને અટકશે તે તો સમય જ બતાવશે, પરંતુ આ આખી ઘટનામાં સૌથી મોટું નુકસાન એ ગરીબ વિદ્યાર્થીઓનું થઈ રહ્યું છે, જેઓ પોતાના ઘર-બાર વેચીને, લોન લઈને પટનામાં ઓફિસર બનવાનું સપનું લઈને આવે છે! શિક્ષકોની આ લડાઈમાં શિક્ષણની ગરિમા રોળાઈ રહી છે!***

અત્યાર સુધી આપણે વેબ સિરીઝના પડદા પર માત્ર 'કોટા ફેક્ટરી' જ જોઈ હતી. રાજસ્થાનના કોટાની ગલીઓમાં આઈઆઈટી અને મેડિકલના સ્ટુડન્ટ્સને ખેંચવા માટે મોટા-મોટા કોચિંગ ક્લાસ વચ્ચે રમાતી હોડ, અબજો રૂપિયાનું બિઝનેસ ગણિત અને 'પોચિંગ' (એકબીજાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ચોરવાની રમત)ની કદરૂપી વૉર આપણે ક્યાંક સ્ક્રીન પર તો ક્યાંક સમાચારોમાં જોઈ હતી. પરંતુ, કોટામાં જે લડાઈ અત્યાર સુધી બંધ એરકન્ડિશન્ડ રૂમોમાં કોર્પોરેટ સ્ટાઈલથી લડાતી હતી, એ જ કોચિંગ વૉર હવે બિહારની આગવી અને આક્રમક 'બિહાર સ્ટાઈલ'માં સડકો પર બહાર આવી ગઈ છે!

બિહારની રાજધાની પટના... એવું શહેર જે આખા દેશને સૌથી વધુ આઈએએસ, આઈપીએસ અને સરકારી ઓફિસરો આપે છે. પટનાના 'મુસલ્લહપુર હાટ' અને 'રાજેન્દ્ર નગર' જેવા વિસ્તારોમાં જાવ એટલે તમને લાખો યુવાનો ખભે થેલો લટકાવીને સપનાઓ પાછળ દોડતા દેખાશે. આ વિસ્તારોમાં શિક્ષણ એ માત્ર સરસ્વતીની સાધના નથી, પરંતુ અબજો રૂપિયાનું એક એવું બજાર છે જ્યાં વર્ચસ્વ જમાવવા માટે લાકડીઓ, પથ્થરમારો અને કથિત ગોળીબાર સુધીના હથિયારો હેઠા મૂકાતા નથી.

તાજેતરમાં પટનાના આ જ 'કોચિંગ વર્લ્ડ'માં એક એવો મોટો બ્લાસ્ટ થયો છે, જેણે આખા દેશની આંખો પહોળી કરી દીધી છે. સોશિયલ મીડિયા પર કરોડો ચાહકો ધરાવતા અને યુટ્યુબના સુપરસ્ટાર ટીચર 'ખાન સર'ના કોચિંગ સેન્ટરની બહાર થયેલા હંગામા અને તેમના કટ્ટર પ્રતિસ્પર્ધી 'જ્ઞાન બિંદુ જીએસ એકેડેમી'ના માલિક રોશન આનંદની ધરપકડે બિહારના આ અબજોના એજ્યુકેશન માર્કેટના અંધારા પાસાને સરેઆમ ચોકમાં લાવી દીધું છે. આ કોઈ સામાન્ય બે શિક્ષકોની લડાઈ નથી. આ પટનાના કોચિંગ માફિયા, ઈગો ક્લેશ અને હજારો વિદ્યાર્થીઓના પ્યાદા તરીકે ઉપયોગ થવાની એક અત્યંત રોમાંચક વેબ સિરીઝ જેવી સત્ય ઘટના છે.

વાર્તાની શરૂઆત થાય છે ૨ જૂનની રાત્રે. પટનાના મુસલ્લહપુર હાટ વિસ્તારમાં આવેલી ખાન સરની ઓફિસ અને કોચિંગ કેમ્પસમાં અચાનક અફરાતફરી મચી જાય છે. ખાન સરના દાવા મુજબ, રાત્રિના સમયે અચાનક ૧૫ થી ૨૦ અસામાજિક તત્વો લાકડીઓ, પથ્થરો અને હથિયારો સાથે કેમ્પસમાં ઘૂસી આવ્યા હતા. આ ટોળાએ ત્યાં હાજર સુરક્ષા ગાર્ડ સાથે અત્યંત ક્રૂરતાપૂર્વક મારપીટ કરી, જેમાં ગાર્ડ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આ ઘટના પછી તરત જ મીડિયા સામે આવીને ખાન સરે એક સનસનાટીપૂર્ણ દાવો કર્યો, 'મારા કોચિંગની બહાર ૮ થી ૧૦ રાઉન્ડ ફાયરિંગ થયું છે, મેં પોતે નજરે જોયું છે!' એક એવા ટીચર જેમના ક્લાસમાં હજારો બાળકો ભણે છે અને યુટ્યુબ પર કરોડો ફોલોઅર્સ છે, તેમના મુખેથી 'ફાયરિંગ'નો શબ્દ સાંભળતા જ આખા પટના પ્રશાસનમાં દોડધામ મચી ગઈ. મીડિયાના કેમેરા ખાન સરની ઓફિસ તરફ ગોઠવાઈ ગયા.



પરંતુ, બિહાર પોલીસ અને પટના પોલીસે જ્યારે આ મામલાની ઊંડી તપાસ શરૂ કરી, ત્યારે વાર્તામાં એક જબરદસ્ત ટ્વિસ્ટ આવ્યો! પટના પોલીસે ઘટનાસ્થળની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજ ખંગોળ્યા, સ્થાનિક દુકાનદારો અને પ્રત્યક્ષદર્શીઓની કલાકો સુધી પૂછપરછ કરી હતી.

આ તપાસના અંતે પટના પોલીસે સત્તાવાર રીતે જાહેરાત કરી કે, કોચિંગ કેમ્પસની બહાર કોઈ જ ફાયરિંગ થયું નથી. સીસીટીવી ફૂટેજમાં પથ્થરમારો અને તોડફોડ સાફ દેખાતી હતી, પરંતુ ગોળી ચાલ્યાના કે દારૂગોળાના કોઈ પુરાવા મળ્યા નહોતા. સૌથી મોટી આશ્ચર્યની વાત એ હતી કે, ખુદ ખાન સરના મેનેજમેન્ટે પોલીસ સ્ટેશનમાં જે એફઆઈઆર દાખલ કરાવી, તેમાં પણ ક્યાંય 'ફાયરિંગ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો! પોલીસના આ કડક વલણ પછી ખાન સર પણ પોતાના નિવેદન પરથી પલટી ગયા અને મામલો ફાયરિંગમાંથી બદલાઈને માત્ર તોડફોડ અને પથ્થરમારા પર આવી ગયો. પરંતુ સવાલ એ હતો કે આ હુમલો કરાવ્યો કોણે?

પોલીસે સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે દાવો કર્યો કે ખાન સરના કોચિંગ પર હુમલો કરનારા લોકો પડોશમાં જ ચાલતી પ્રખ્યાત કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ 'જ્ઞાન બિંદુ જીએસ એકેડેમી' સાથે જોડાયેલા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, જ્ઞાન બિંદુના સંચાલક અને પટનાના બીજા એક પ્રખ્યાત શિક્ષક રોશન આનંદના ઈશારે જ આ ૧૫-૨૦ લોકોએ ખાન સરની ઓફિસ પર પથ્થરમારો અને ગાર્ડ પર હુમલો કર્યો હતો.

બિહાર પોલીસે એક્શન મોડમાં આવીને જ્ઞાન બિંદુના માલિક રોશન આનંદની ધરપકડ કરી લીધી. પટનાના કોચિંગ જગતમાં રોશન આનંદ પણ એક મોટું નામ છે, ખાસ કરીને બિહાર દરોગા અને અન્ય સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે તેમની એકેડેમી ખૂબ જાણીતી છે. તેમની ધરપકડના સમાચાર વાયુવેગે પ્રસરતા જ આખો મામલો ગરમાઈ ગયો હતો. રોશન આનંદની ધરપકડ થતાં જ પટનાના વિદ્યાર્થીઓ બે છાવણીમાં વહેંચાઈ ગયા હતા. જ્ઞાન બિંદુ એકેડેમીના હજારો વિદ્યાર્થીઓ સડકો પર ઉતરી આવ્યા અને પટનાના રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. વિદ્યાર્થીઓએ ભારે હંગામો મચાવ્યો અને પોલીસ પ્રશાસન વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા.

**આનાથી પાકિસ્તાન પ્રેરિત નાર્કો-ટેરરિઝમ, ડ્રોન હુમલા અને દરિયાઈ ઘૂસણખોરી સામે બીએસએફ અને સ્થાનિક પોલીસ વચ્ચે રિયલ-ટાઇમ સંકલન વધશે**

સોશિયલ મીડિયા પર અનેક એવા વીડિયો વાયરલ થયા હતા, જેમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ રસ્તા પર ઉભા રહીને કહી રહ્યા છે - 'ખાન સર ચોર હૈ!' વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે પટના પોલીસ અને પ્રશાસન ખાન સરના સેલિબ્રિટી સ્ટેટસ અને વગના દબાણમાં આવીને એકતરફી કાર્યવાહી કરી રહ્યું છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, વિવાદ બંને તરફથી હતો, તો માત્ર રોશન આનંદ સરની જ ધરપકડ કેમ? તપાસ નિષ્પક્ષ થવી જોઈએ અને ખાન સર વિરુદ્ધ પણ પગલાં લેવાવા જોઈએ. સ્થિતિ એટલી તંગ બની ગઈ હતી કે પટનાના મુસલ્લહપુર હાટ વિસ્તારને છાવણીમાં ફેરવી દેવો પડ્યો અને શાંતિ જાળવવા માટે ભારે માત્રામાં પોલીસ ફોર્સ તૈનાત કરવી પડી હતી.

હવે સવાલ એ થાય કે બે શિક્ષકો, જેમનું કામ બાળકોને ભણાવવાનું છે, તેઓ આ રીતે સામસામે ગેંગસ્ટરની જેમ કેમ આવી ગયા? આની પાછળ પટનાના કોચિંગ માર્કેટનું અર્થશાસ્ત્ર છે. પટનામાં દર વર્ષે લાખો નવા વિદ્યાર્થીઓ આવે છે. જનરલ સ્ટડીઝના માર્કેટમાં ખાન સર અને રોશન આનંદ બંને મોટા પ્લેયર્સ છે. કયા શિક્ષકની બેચમાં કેટલા હજાર વિદ્યાર્થીઓ બેસશે, તેના પર કરોડો રૂપિયાનું ગણિત નિર્ભર હોય છે. પટનામાં જે કોચિંગનું વર્ચસ્વ હોય, ત્યાં સિક્યોરિટી અને લોકલ માફિયાઓનું પણ મોટું નેટવર્ક કામ કરતું હોય છે. બજારમાં અફવાઓ ફેલાવવી, એકબીજાના ફેક વીડિયો બનાવવા, સોશિયલ મીડિયા પર ટ્રોલ આર્મી ઉતારવી - આ બધું પટનાના કોચિંગ કલ્ચરમાં સામાન્ય બની ચૂક્યું છે. આ અગાઉ પણ પટનામાં અનેક શિક્ષકો વચ્ચે સરેઆમ રોડ પર લડાઈઓ થઈ ચૂકી છે.

આ લડાઈ માત્ર પટનાના રસ્તાઓ પૂરતી સીમિત નથી, પરંતુ યુટ્યુબના કમેન્ટ સેક્શન અને ફેસબુક-એક્સ પર પણ જોરશોરથી ચાલી રહી છે. ખાન સરના સપોર્ટર્સ રોશન આનંદને 'ગુંડા ટાઈપ ટીચર' કહી રહ્યા છે, જ્યારે રોશન આનંદના ફેન્સ ખાન સરને 'ડ્રામેબાઝ અને ફેક ન્યૂઝ ફેલાવનાર' ગણાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર બંને પક્ષના વિદ્યાર્થીઓ એકબીજા સાથે બાખડી રહ્યા છે.

આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે પટનાનું કોચિંગ જગત હવે માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી રહ્યું, પણ તે પાવર પોલિટિક્સ અને વ્યાપારી હોડનો અખાડો બની ગયું છે. જે શિક્ષકોના હાથમાં દેશના ભવિષ્યને ઘડવાની જવાબદારી છે, તેઓ જ્યારે પોલીસ સ્ટેશન અને કોર્ટના ચક્કર કાપતા થાય, ત્યારે આઘાત લાગવો સ્વાભાવિક છે.

ખાન સર અને રોશન આનંદ વચ્ચેની આ અદાવત ક્યાં જઈને અટકશે તે તો સમય જ બતાવશે, પરંતુ આ આખી ઘટનામાં સૌથી મોટું નુકસાન એ ગરીબ વિદ્યાર્થીઓનું થઈ રહ્યું છે, જેઓ પોતાના ઘર-બાર વેચીને, લોન લઈને પટનામાં ઓફિસર બનવાનું સપનું લઈને આવે છે. શિક્ષકોની આ લડાઈમાં શિક્ષણની ગરિમા ચોક્કસ રોળાઈ રહી છે.